## જન્મદિને વધામણી



કમલ કિશોર જૈન
(ફાઈનાન્સ ડિરેક્ટર)
કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ, ગાંધીનગર
પ્રમુખ, કલરવ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૧૬૬૧૧



વંશિકા ભરતકુમાર શાહ
મો. ૯૮૨૪૯ ૧૯૪૫૧



માર્ગી મહેન્દ્રભાઈ પ્રજાપતિ
મો. ૯૯૭૪૨ ૧૬૦૪૭



સૂરજસિંહ એમ ડાભી
મો. ૯૫૭૪૯ ૯૫૩૯૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ઉજવાયો ઉમંગોત્સવ

## વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૫

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ), સૅક્ટર-૭ ખાતે વર્ષ ૨૦૧૬-૧૭નો ઉમંગોત્સવ શનિવારે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે રાજ્યના નિવૃત્ત કૃષિ નિયામક ડૉ. શિવરામભાઈ આર ચૌધરી, અખિલ આંજણા કેળવણી મંડળના પદાધિકારી શંકરભાઈ ચૌધરી, મંત્રી લાલજીભાઈ ચૌધરી, ખજાનચી મણિભાઈ ચૌધરી, ભગિની સંસ્થાના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય તથા વાર્ષિક અહેવાલ વાચનથી કરવામાં આવી હતી.

ખેલ મહાકુંભમાં શાળાને શ્રેષ્ઠ સાળા તરીકે એવોર્ડ મળ્યો તે બદલ વ્યાયામ શિક્ષક વિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન ચૌધરી, હેતલબેન દેસાઈ અને બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક ભાનુબેન સુથારનું સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ વતી આચાર્ય સંતોકબેન ચૌધરીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. શાળાની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં જિલ્લાકક્ષાએ વિજેતાઓને ઈનામ વિતરણ બાદ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા, જેમાં ગણેશ સ્તુતિ, ગરબો, કવ્વાલી, નાટક, પંજાબી નૃત્ય, રાજસ્થાની નૃત્ય, વેસ્ટર્ન ડાન્સ જેવી કૃતિઓનો સમાવેશ થતો હતો.

મહેમાનોના પ્રાસંગિક ઉદ્‌બોધન અને રાષ્ટ્રગાન પછી કાર્યક્રમ સંપન્ન થયો હતો.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી ઍમ પટેલ કુમાર અને ઍચ વી પટેલ કન્યા બાલમંદિર દ્વારા શનિવારે નાતાલ પર્વની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. બાલમંદિરનાં શિક્ષકોએ શાંતા ક્લોઝનો વેશ ધરી બાળકોનાં મન મોહ્યાં હતાં અને તેમને બિસ્કીટની વહેંચણી કરી હતી. આ પ્રસંગે બાળકોએ શિક્ષકો સાથે મન મૂકીને નાચવાનો આનંદ પણ માણ્યો હતો. બાલમંદિરનાં કો-ઓર્ડિનેટર કિરણબેન પટેલે આ પ્રસંગે ઉપસ્થિત રહી ઉજવણીને યાદગાર બનાવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

ના યોગથી
ના પ્રયોગથી
જિંદગી જીવવાની
ખાલી મોજથી

## મનોરંજન

સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
કહાની-૨
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
દંગલ
૧૧.૩૦. ૨.૩૦,
૫.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
બેફિકરે
૧૨.૪૫
ડિયર જિંદગી
૩.૪૫
કહાની-૨
૯.૪૫

**સ્ક્રીન-૫**
બેફિકરે
૩.૩૦, ૧૦.૦૦
દંગલ
સવારે ૧૦.૦૦

**સ્ક્રીન-૬**
દંગલ
૯.૩૦
બેફિકરે
૬.૪૫
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦

### વિનસ આર્કિટેક્ચર કૉલેજ ખાતે

# સ્પેસ ઍન્ડ ફૉર્મ ડિઝાઈન સ્ટુડિયો વિષયે પ્રૉજેક્ટ્સ







ગાંધીનગર, તા. ૨૫

શહેરની વિનસ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડિઝાઈન એન્ડ આર્કિટેક્ચર ખાતે સ્પેસ ઍન્ડ ફૉર્મ ડિઝાઈન અંગે ડિઝાઈન સ્ટુડિયો વિષયમાં પ્રૉફેસરના માર્ગદર્શન હેઠળ પહેલા સેમેસ્ટરના ૪૦ વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રૉજેક્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રૉજેક્ટ્સ અંતર્ગત ગેમ બૉર્ડ ડિઝાઈનનું આયોજન કરવામાં આવ્યું હતું. નાનપણમાં રમાતી ચેસ, લુડો, વેપારનાં બોર્ડને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓએ સ્પેસ, ફોર્મ, પ્રપોર્શન પર સુંદર મોડલ તૈયાર કર્યાં હતાં અને તેમનું પ્રેઝન્ટેશન કર્યું હતું.

બીજો પ્રોજેક્ટ ફિબોનાકી સ્પાઈરલ ડિઝાઈન હતી, જેના માધ્યમથી વિદ્યાર્થીઓને ઘણું શીખવાનું મળ્યું હતું. કોઈ સ્પેસ અને ફૉર્મને ઉપયોગી બનાવવા કેવી રીતે ડિઝાઈનીંગ કરવું તે આ ઍક્સરસાઈઝનો મુખ્ય હેતુ હતો, જે વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારીથી પરિપૂર્ણ થયો હતો.

## પીએચડી થયા



ગુજરાત વિદ્યાપીઠના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષય પર શોધનિબંધ રજુ કરી અતુલભાઈ કે. અકબરીએ પીએચડી પદવી મેળવી છે. ગુજરાત વિદ્યાપીઠના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા અતુલભાઈ કે. અકબરીએ ડૉ. પ્રયતકર કે. કાનકિયાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ ‘ ગુજરાત રાજ્યના અનુદાનિત વિશ્વ વિદ્યાલય ગ્રંથાલયોમાં આઈટીસી આધારિત સેવાઓ એક અધ્યયન’ પરનો શોધનિબંધ ગુજરાત વિદ્યાપીઠે માન્ય રાખીને તેમણે પીએચડી પદવી એનાયત કરી છે.




શ્રી વરદાયિની હાઈસ્કૂલ, રૂપાલની વિદ્યાર્થીની અને શિક્ષક રાષ્ટ્રીય કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેવા માટે નવી દિલ્હી જઈ રહ્યાં છે. ગણપત યુનિવર્સિટી, ખેરવા ખાતે રાજ્યકક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન વર્ષ-૨૦૧૫માં યોજવામાં આવ્યું હતું, જે દરમિયાન હાઈસ્કૂલની મહિલા જાગૃતિ અંગેની કૃતિ રાષ્ટ્રકક્ષાના પ્રદર્શન માટે પસંદગી પામી હતી. આ અન્વયે શાળાની ધોરણ-૮ની વિદ્યાર્થીની માહી સંજયભાઈ પટેલ અને તેના માર્ગદર્શક શિક્ષક પ્રીતિબેન નારાયણભાઈ ઠાકર રાષ્ટ્રકક્ષાના પ્રદર્શન માટે જઈ રહ્યાં છે. મહિલાઓને અત્યાચારથી બચાવવા તથા તેમનામાંથી નિરાશા દૂર કરવા અંગે સ્ત્રીજાગૃતિનો આ પ્રોજેક્ટ રાજ્યકક્ષાએ ખૂબ વખણાયો છે અને હવે રાષ્ટ્રકક્ષાએ પ્રદર્શન માટે જઈ રહ્યો છે ત્યારે શાળા પરિવાર વતી આ તેજસ્વી વિદ્યાર્થીની, શિક્ષકને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.



પ્રજાપિતા ઈશ્વરીય વિશ્વવિદ્યાલય - બ્રહ્માકુમારીઝ પરિવાર દ્વારા બાળકોમાં નાનપણથી જ સંસ્કાર, સમજ, આદર, સહનશીલતા જેવા ગુણો કેળવાય તે હેતુસર સૅક્ટર-૨૮/૧ સરકારી પ્રાથમિક શાળા ખાતે ‘વૅલ્યુ ઍજ્યુકેશન’ વર્ગોની શરૂઆત કરવામાં આવી છે. આ વર્ગોના આરંભ પ્રસંગે નગરસેવક હર્ષાબા ધાંધલ, બ્રહ્માકુમારીઝનાં મેઘાદીદી, રાણીદીદી ઉપસ્થિત રહ્યાં હતાં. આ વર્ગોનો સમયગાળો એક વર્ષનો રહેશે, જે દરમ્યાન તેઓને નિયમિત સવારે ૧ કલાક વૅલ્યુ ઍજ્યુકેશન આપવામાં આવશે.

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### ‘મારી જીવન પ્રેરણા’

# વિશ્વગ્રામ ને સમર્થકો દ્વારા ક્રિસમસની સાર્થક ઉજવણી

**વાત-વાતમાં**
કુંતલ નિમાવત

સમાજચિંતન અને ઉત્થાન માટે પ્રયાસરત અને જાણીતી સંસ્થા વિશ્વગ્રામે રવિવારે ક્રિસમસના દિવસે ગાંધીનગર શહેરના પાદરે એક વિશિષ્ટ અને સુંદર કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

વિશ્વગ્રામ પરિવારનાં બાળકોનો જન્મદિવસ સંસ્થા અને તેના શુભેચ્છકોએ સાથે મળીને ઉજવ્યો. વિશ્વગ્રામ પરિવારનાં બાળકો એટલે એવાં એકલ અને અનાથ બાળકો જે અલગ અલગ સમયે વિશ્વગ્રામને મળ્યાં ને વિશ્વગ્રામે એમને પોતાનાં બાળકો તરીકે અપનાવી લીધાં.

ગાંધીનગરનાં આંગણે રવિવારે આ બાળકોનો જન્મદિવસ ઉજવાયો, એમના હસ્તે કેક કાપવામાં આવી, કાગળમાંથી વિશેષ સુશોભન વસ્તુઓ બનાવાઈ, કાગળની ટોપીઓ સૌ નાનાંમોટાંએ આનંદપૂર્વક પહેરી પણ ખરી ને પછી બાળકો અને મોટેરાં સૌ ભેગાં મળીને વિવિધ રમતો રમ્યાં. ત્યારબાદ સૌએ સાથે મળીને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ પણ માણ્યો.

વિશ્વગ્રામના સંજયભાઈના શબ્દોમાં આખાય ઉપક્રમની રૂપરેખા : ‘આ કાર્યક્રમની શરૂઆત ૧૦ વર્ષ પહેલાં થઈ હતી. અમે અમારી દીકરી ગુલાલનો જન્મદિવસ ઉજવી રહ્યા હતા ત્યારે આ બાળકો પરસ્પર એવો સવાલ કરી રહ્યા હતા કે આપણો જન્મદિવસ ક્યારે ? વાત તો સાચી હતી. આ બાળકોના આ આ સવાલમાંથી આ પ્રવૃત્તિનું સર્જન થયું. અમે આ બાળકો માટે જન્મદિવસનું આયોજન કર્યું. શરૂઆત કરી ત્યારે ઑક્ટોબર માસ હતો. અમે બાળકો માટે બાકાયદા પાર્ટીનું આયોજન કર્યું હતું અને આનંદનું વાતાવરણ સર્જાયું હતું. એ વખતે ‘ચક દે ઈન્ડિયા’ જેવી સારી ફિલ્મ પણ આવી હતી, જે આ બધાં જ બાળકોને બતાવવાનું આયોજન અમે કર્યું હતું. આ ઉપક્રમથી પણ અમે ખુશ હતા કે બાળકોને આવી સારી ફિલ્મ અમે બતાવી રહ્યા છીએ.

પરંતુ આઘાત તો ત્યારે લાગ્યો જ્યારે આ પૈકીનાં બે બાળકોને મેં અંદરોઅંદર વાત કરતા સાંભળ્યાં. મારી હાજરીથી અજાણ એવાં બે ચડતી વયનાં બાળકો અંદરોઅંદર ચર્ચા કરી રહ્યાં હતાં કે ‘સંજયભાઈ આપણને આવી ફિલ્મ જોવા લઈ આવ્યા એના કરતાં કોઈ સૅક્સી ફિલ્મ બતાવી હોત તો મજા પડી જાત.’ આ શબ્દોએ મને વિચારતો કરી મૂક્યો. બાળકો કેવા માહોલમાં ઉછરી રહ્યાં છે અને એમના માટે કેવા વાતાવરણનું સર્જન કરવાનું છે એ મને તરત સમજાઈ ગયું ને એમાંથી એક આખા અભિયાનનો પ્રારંભ થયો. બાળકોને સારી, પ્રેરણાત્મક ફિલ્મો બતાવવાનું શરૂ થયું. સંવેદી નાગરિકો, સમાજસેવકો, કલાકારો ને ફિલ્મસર્જકો સાથે પણ એમની નિયમિત મુલાકાતો ગોઠવવાનું શરૂ થયું ને એમની સાથે બેસીને દુનિયાની શ્રેષ્ઠ ફિલ્મો જોવાની ને એ અંગે ચર્ચા કરવાની ટેવ પણ પાડવામાં આવી. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, પ્રકૃતિ, સંસ્કાર, પ્રવાસ, વ્યક્તિવિશેષ સાથે મુલાકાતનો એવો તો ભરચક કાર્યક્રમ અમે દસ વર્ષ ચલાવ્યો કે અત્યારે અમે આ બાળકોને સમાજમાં સારા નાગરિક તરીકે પ્રસ્થાપિત કરવા માટે સક્ષમ બનાવી શક્યા છીએ.

જે વ્યક્તિવિશેષો સાથે એમણે સારો સમય ગાળ્યો છે ને જેમની પાસેથી આ બાળકોએ કંઈક પ્રાપ્ત કર્યું છે એવા મહાનુભાવોમાં પૂ. મોરારિબાપુથી માંડીને સામાન્ય નાગરિક સુધીના અનેકવિધ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. એ સૌ પાસેથી આ બાળકોએ કંઈક ને કંઈક પ્રાપ્ત કર્યું છે ને એ રીતે એમનું ઘડતર થયું છે. દસ વર્ષની મહેનત થઈ, પણ આ બાળકોની દૃષ્ટિ બદલી શક્યા એ વાતનો સંતોષ છે. ને હવે આ પ્રવૃત્તિ વર્ષની કાયમી પ્રવૃત્તિ બની ગઈ છે. દર વર્ષે ક્રિસમસના પવિત્ર દિવસે આ બાળકોનો જન્મદિવસ અમે આમ જ ઉજવીએ છીએ.’

અબુધ બાળકોને સારા નાગરિક તરીકે તૈયાર કરવાની વિશ્વગ્રામની આ મહેનત એવો તો રંગ લાવી છે કે હવે પ્રત્યેક વર્ષે અલગ-અલગ જગ્યાઓ પર આ ઉજવણી હાથ ધરવામાં આવે છે. વિશ્વગ્રામની મહેક રાજ્યભરમાં છે એટલે જે પણ શહેરમાં આ કાર્યક્રમ ગોઠવાય ત્યાં યજમાની, ભોજનથી માંડીને બાળકોને અભિનંદન આપવા ને પોરસ ચડાવવા માટે સંવેદનશીલ નાગરિકોની આખી ફોજ ઊભી થઈ જાય છે. ગાંધીનગરમાં પણ રવિવારે એવું જ થયું, શહેરના રહેવાસી અને જિલ્લાના જાણીતા ઉદ્યોગપતિ રમેશભાઈ ચૌધરીએ આ કાર્યક્રમની યજમાની નિભાવી ને વિશ્વગ્રામના ચાહક, ભાવક એવા ગાંધીનગર શહેરના નાગરિકો આ કાર્યક્રમમાં સામેલ થયા. સંદિપ પાંડે અને યશવંત મહેતા જેવા વ્યક્તિવિશેષો સાથે ગાંધીનગરમાં વિશ્વગ્રામના કાયમી ચાહક એવા મોહંમદહબીબ શેખ, મનોજ શુક્લ ને ક્રિષ્નાબા રાઠોડ, અનિલ રાદડીયા, કીર્તિભાઈ ઠાકર જેવા યુવાન, સંવેદી નાગરિકો પણ એમાં ખરા. વિશ્વગ્રામના લાંબા ગાળાના પ્રયાસોને પરિણામે તેના વિશેષ સમાજકાર્યોમાં હવે નવી પેઢી પણ ઉત્સાહપૂર્વક જોડાઈ રહી છે એ બાબત આ કાર્યક્રમમાં વિશેષ રૂપે ઉજાગર થઈ. યુવાપેઢીની ઉપસ્થિતિ આ કાર્યક્રમમાં ઊડીને આંખે વળગતી હતી ને એટલો જ આનંદ પણ આપતી હતી.

ક્રિસમસનો દિવસ એટલે આમ તો રજા ને એ કારણે આરામનો દિવસ, પણ થોડા સંવેદી નાગરિકોએ આ દિવસને આ વિશિષ્ટ રીતે ઉજવીને ક્રિસમસને સાચા અર્થમાં ઉજવી. આવી ઉજવણી માટે વિશ્વગ્રામને હૃદયથી અભિનંદન અને સથવારો.







